## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

**મારા નાના દિકરાએ તો નક્કી જ કરી નાખ્યુ કે અમેરિકાની વીઝા ઓફિસ બને કે તરત એની સામે ચ્હાની લારી કરી નાખવી... દેશ પ્રેમી છે ને...!!**

# ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે મેશ્વો સાબરમતી અને ખારી નદી બે કાંઠે વહેવા લાગી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં આવેલી સાબરમતી નદી દહેગામ તાલુકામાં આવેલી મેસ્સો નદી અને ડભોડા માંથી પસાર થતી ખારી નદીમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે પાણી આવતા બે કાંઠે વહેવા લાગી હતી.

ગઈકાલે મેસ્વો નદીમાં પાણી આવતા બંને કાંટા છલોછલ થયા હતા અને ચેકડેમ પણ ઓવરફ્લો થઈ ગયો હતો.

આ સિવાય સાબરમતી નદીમાં પાણી આવતા અલુવામો ચેકડેમ ઓવરફ્લો થઈ ગયો હતો અને પાડો પણ તટ્યો હોવાની વિગતો છે આ ઉપરાંત ડભોડામાંથી પસાર થતી ખારી નદીમાં ગઈકાલે બપોરે પાણી આવતા સોલંકી પુરા તરફ જતો કોઝવે તેમજ ડભોડા થી વડોદરા થઈને વાયા દહેગામ જતો કોજ વે પાણીમાં ડૂબી ગયો હતો.

બંને તરફનો વાહન વ્યવહાર બંધ થઈ જતા વાહન ચાલકોને ૧૦ કિલોમીટર દૂર ચિલોડા થઈને દહેગામ તરફ તેમજ ડભોડા તરફ આવવા પડ્યું હતું ભારે વરસાદને કારણે નદીઓ અને નાળા છલ કઈ ગયા હોવાની વિગતો છે

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરમાં મેઘરાજાએ લીધેલા વિરામ પછી પડેલા ભુવા અને ખાડાઓ સરખા કરવા આજે તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

● અન્ડરપાસની બીજી સાઈડના મરામતની કામગીરી હાથ ધરાતાં ઘ રોડ પર ટ્રાફિક જામના દૃયો જોવા મળ્યો હતો.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં હાલ તો સંસ્થાઓ દ્વારા વૃક્ષોના વાવેતરની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

● ગાંધીનગર મનપામાં કર્મચારીઓની હાજરી અંગેનો વિવાદ નગરજનોની ચર્ચામાં આવ્યો છે.

● આજે સરકીટહાઉસ ખાતે ભાજપના ધારાસભ્યો તેમજ પ્રદેશ સંગઠનના અગ્રણીઓની બેઠક અને ડીનર ડિપ્લોમસીની બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં આવેલ વિવિધ જિલ્લા કચેરીઓમાં આજે મુલાકાતીઓ પ્રમાણમાં ઓછા દેખાયા હતા.

● કલોલ ખાતે જાયન્ટસ્ ગ્રૂપની બેઠક યોજાઈ હતી.

● સે. ૨૮ની આરાધના વિદ્યામંદિરમાં વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

● સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સે. ૧૨ ગાંધીનગર ખાતે ઉમા કળશ પૂજન તથા કળશ વિતરણનો કાર્યક્રમ ધામધૂમથી યોજાઈ ગયો.

● ગુજરાતી કેથલિક પરિવાર ગાંધીનગર દ્વારા તાજેતરમાં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી.

● સ્વામી યોગાનંદ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

● જિલ્લા શિક્ષણ તાલિમ ભવન સે. ૧૨માં કાનૂની શિબિરનું આયોજન કરાયુ.

● જિલ્લામાંથી પસાર થતી ત્રણ નદીઓ સાબરમતી, મેશ્વો અને ખારી નદી બે કાંઠે વહેતી થતાં લોકો લોકમાતાના દર્શને ઉમટ્યા હતા.

● ધોળાકુવા ગામે અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખીને દંપત્તિને માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● કલોલમાં ક્રેનના ચાલકે ટક્કર મારતા રોડ પર ચાલતા જતાં યુવાનનું કમકમાટીભર્યુ મોત.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શરદી-ખાંસી અને વાઈરલ બિમારીના કેસો વધ્યા.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા દબાણો તંત્રની ચિંતાનો મુદ્દો બન્યા છે.

● કર્મયોગીભવનના બેઝમેન્ટમાં ગંદકીના થર જામેલા જોવા મળી રહ્યા છે.

# શહેરમાં કોલેજ વિસ્તારમાં અસામાજીક તત્વો સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૧૧

શહેરની કોલેજો આસપાસ આંટાફેરા મારતા લુખ્ખા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. પોલીસને જોઈ અસામાજીક તત્વોમાં દોડધામ મચી ગઈ હતી. કોલેજની નજીક છેડતીના બનાવ પણ બનતા હોય છે. જયારે કોલેજના સમય દરમિયાન આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા પણ સતાવે છે. ત્યારે પોલીસે એનાઉસમેન્ટ કરી કામ વિના બેસી રહેતા તત્વો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

શહેરની શાળા-કોલેજ વિસ્તારમાં કામવિના આંટાફેરા મારતા તત્વો રોમીયોગીરી કરી છાકટા બનતા હોય છે. જયારે કોલેજના સમયે રોકેટગતિએ બાઈક હંકારી અવનવા સ્ટંટ કરતા પણ નજરે પડતા હોય છે. કોલેજની આસપાસ અસમાજીક તત્વો અડીંગો નાંખીને બેઠા હોય છે.જેથી કેટલીકવાર નાના મોટા ઝઘડા પણ થતા રહેતા હોય છે. કામ વિના વાહનો લઈ બેસી રહેતા હોવાથી ટ્રાફિક સમસ્યા પણ વકરતી જાય છે. જેથી પોલીસે આજે કામ વિના બાઈક લઈ આંટાફેરા મારતા તત્વો સામે એનાઉસમેન્ટ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી બાઈક કે ગાડી લઈને બેસી રહેતા યુવાનોમાં નાસભાગ મચી ગઈ હતી. આગામી સમયમાં પણ પોલીસ દ્વારા કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ કાર્યરત રહેશે અને અસામાજીક તત્વો અડીંગો જમાવી બેઠા હશે તેમની સામે દંડનીય કાર્યવાહી કરાશે.

# બીએસએફ કર્મચારીના ઘરમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૧૨૬ બોટલ મળી

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૩૦ચ ટાઈપ ખાતે રહેતા બીએસએફના હેડ કોન્સ્ટેબલના ઘરમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૨૬ બોટલ કબ્જે કરી સેકટર-૨૧ પોલીસે કબ્જે કરી છે. પોલીસે રૂ.૧.૭૭ લાખનો દારુ, મોબાઈલ અને બીએસએફના હેડ કોન્સ્ટેબલની ધરપકડ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ઓફિસ અવર્સ પછી બીએસએફનો હેડ કોન્સ્ટેબલ દયાનંદ ધુલપ્પા દેશમુખ વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની જાણ સેકટર-૨૧ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને જાણ થઈ હતી.જેથી દયાનંદની ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. ગતરોજ રાત્રીના સમયે પીઆઈ આર.એસ.ડામોર ટીમના સભ્યો પોલીસ મથકે હાજર હતા.તે સમયે હે.કો મહાવીરસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે દયાનંદ ઘરમાં મોટી માત્રામાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી સેકટર-૩૦ મકાન નં. ૬૩૭-૧ બી ટાઈપ ખાતે પહોંચી ગઈ હતી. ત્યારબાદ ઘરમાંથી એક શખ્સ બહાર આવતા પોલીસે તેનું નામ પુછતા દયાનંદ ધુપ્પલ દેશમુખ (રહે.સે-૩૦ મકાન નં. ૬૩૭-૧ મુળ ગામ ગુજોટી તહસીલ-ઉમરગા, જી. ઉસ્માનાબાદ મહારાષ્ટ્ર) હોવાનું જણાવ્યું હતું. દયાનંદ એફટીઆર હેડ કવાર્ટર બીએસએફ ગુજરાત ચિલાડા રોડ ગાંધીનગર ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.

પોલીસે દયાનંદના ઘરમાં તપાસ કરતા એક રૂમને તાળુ માર્યું હતું. તે રૂમના પલંગ અને દિવાલમાંથી કબાટમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૨૬ બોટલ કિં.૧.૭૭ લાખ તેમજ રૂ.૭ હજારનો મોબાઈલ જપ્ત કરી દયાનંદ દેશમુખની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલમાં ગત સપ્તાહે ટાઈફોઈડના ૧૨ અને ડેન્ગ્યુના ૧૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં વરસાદી સિઝન ચાલી રહી છે. ત્યારે વરસાદને પગલે કાદવ-કીચડ અને ગંદકીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે.

ત્યારે શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓની વચ્ચે ટાઈફોઈડ-ડેન્ગ્યુ અને કમળાના કેસ સામે આવતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

ગત સપ્તાહમાં સિવિલમાં ડેન્ગ્યુના-૧૦ ટાઈફોઈડના-૧૨ અને કમળાના-૨ તેમજ મેલેરીયાના -૨૨ કેસ સામે આવ્યા છે. ત્યારે હોસ્પિટલની મેડીસીન ઓપીડીમાં પણ દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતા લાંબી લાઈનો નજરે પડે છે.

શહેરમાં હાલ વરસાદી સીઝન હોવાથી વાઈરલ ફીવર દર્દીઓનીસંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

શહેરમાં તાવ, શરદી,ખાંસી, ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, ટાઈફોઈડ અને ડેન્ગ્યુ સહિતની બિમારીએ માંથુ ઉંચક્યું છે. સરકારી તેમજ ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમે છે. દર્દથી પીડીતા દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય છે.

ગાંધીનગર શહેરની સિવિલ વાઈરલ ફીવરના દર્દીઓથી ઉભરાય છે. વરસાદી વાતાવરણમાં તાવ, શરદી-ખાંસી, મેલેરીયા, ટાઈફોઈડ, તેમજ કમળાના કેસ પણ સામે આવતા તંત્ર પણ દોડતુ થઈ ગયું છે. ગત સપ્તાહમાં સિવિલમાં ટાઈફોઈડના ૨૧૮ ટેસ્ટમાંથી ૧૨ પોઝીટીવ, ડેન્ગ્યુના ૧૩૦ ટેસ્ટમાંથી ૧૦ પોઝીટીવ, મેલેરીયાના અંદાજીત ૨૬૦ ટેસ્ટમાંથી ૨૨ પોઝીટીવ, તેમજ ડેન્ગ્યુના ૨ કેસ નોંધાયા હતા. ત્યારે સિવિલની મેડીસીન ઓપીડીમાં પણ સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો છે. સ

ામાન્ય દિવસો કરતા ઓપીડીમાં દર્દીઓની સંખ્યા પણ નોંધનીય છે. ત્યારે સિવિલની મેડીસીન ઓપીડીમાં સવાર સાંજ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

## સામાન્ય વરસાદમાં

# લેકાવાડામાં લાઈટ ડુલ થતા ગ્રામજનો પરેશાન

ગાંધીનગર,તા.૧૧

છેલ્લા કેટલાક દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણ જામ્યું છે. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.ત્યારે ગાંધીનગરને અડીને આવેલા લેકાવાડા ગામમાં વરસાદ પડતા જ લાઈટો ડુલ થઈ જાય છે. સામાન્ય વરસામાં લાઈટ જતી રહેતી હોવાથી નાના બાળકો તેમજ વયોવૃધ્ધ ગ્રામજનોની હાલત કફોડી બની જાય છે.

ગાંધીનગર શહેર સ્માર્ટ સીટી તરફ હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે ગાંધીનગર -ચિલોડા માર્ગ પર આવેલા લેકાવાડા ગામમાં હજુ પણ પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં જામેલા વરસાદી વાતાવરણમાં છેલ્લા ત્રણ દિવસથી લાઈટ આવનજાવન કરતા ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે ગામમાં નાના બાળકો, વયોવૃદ્ધ નાગરીકો તેમજ દર્દીઓ હોય તેમની હાલત કફોડી બની જાય છે. વરસાદના છાંટા પડતા જ લેકાવાડા ગામની લાઈટો ડુલ થઈ જાય છે.

લાઈટ ન હોવાથી પંખા વિના બાળકો સુઈ પણ શકતા નથી. જયારે શ્વાસની બિમારી, હાર્ટની બિમારી થી પીડાતા દર્દીઓની હાલત ખુબ દયનીય બની જાય છે. ત્યારે ગામમાં સામાન્ય વરસાદમાં લાઈટ જતી રહેતી હોવાથી તેનુ કાયમી નીરાકરણ માટે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે.તેમ છતા આજદીન સુધી નિરાકરણ આવ્યું નથી.

## પુન્દ્રાસણમાં બાજી માંડીને બેઠેલા ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના પુન્દ્રાસણ ગામે બોરકુવા પાસે બાજી માંડીને બેઠેલા બાપુજીના વાસ ખાતે રહેતા મનુજી જવાનજી ઠાકોર, ભલાજી ભીખાજી ઠાકોર અને બચુજી વેચાતજી (સાણોદા ગામ) ને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા હતા.

પોલીસે અંગજડતી દરમિયાન રૂ.૪૯૮૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૨૪૫૦ મળી કુલ રૂ.૭૪૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બાલવા ગામે કામનાથ મહાદેવ મંદિર ખાતે ગોગા સિકોતર સેવા ટ્રસ્ટ દ્વારા પ્રા.આ.કે. સોજાના ટી.બી.ની સારવાર ચાલું છે જેમાં જરૂરિયાત વાળા ૪૧ દર્દીઓને પોષક આહાર કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ ભાટી, દિવ્યરાજસિંહ ભાટી, નરેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ જાની, નરેશભાઈ શુક્લ, જિલ્લા ટી.બી. અધિકારી ડૉ. દિપકભાઈ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રવિણભાઈ પાટીલ, મેડિકલ ઓફિસર ડૉ. પરેશભાઈ રાઠોડ , આયુષ એમ.ઓ. ડૉ.ફાલ્ગુની શ્રીમાળી ?ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ટી.બી. અધિકારી દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ૨૦૨૫ સુધીમાં ટી.બી. નાબુદીના ભગીરથ કાર્યક્રમમાં ગોગા સિકોતર સેવા ટ્રસ્ટ દ્વારા કરેલી કામગીરીને બિરદાવી સમાજના અન્ય દાતાઓને પણ નિક્ષય મિત્ર બની ટી.બી.ના જરૂરિયાત મંદ દર્દીને પોષક આહાર કીટ આપવા માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોગા સિકોતર સેવા ટ્રસ્ટ બાલવાના કાર્યકર્તાઓ તથા પ્રા.આ.કે. સોજાના તમામ કર્મચારીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ધોળાકુવામાં પૂર્વ કોર્પોરેટરની તંત્ર સામે લાલ આંખ

ગાંધીનગર,તા.૧૧

ધોલકુવા વિસ્તાર માં મેટ્રો રેલ ના કારણે વરસાદ બાદ ખાડા અને કાદવ કીચડ સાથે પાણી ભરાયાં હોવાથી રજૂઆતો છતાં કોઈ યોગ્ય કામગીરી ન થવાથી કોર્પોરેટર રોષે ભરાયાં

ગાંધીનગરના ધોળાકુવા ગામે હાલમાં જે મેટ્રો રેલ નું કામ ચાલી રહ્યું છે ત્યાં ચાલુ વરસાદની સિઝનમાં ખાડા અને મેટ્રો રેલના ખોદાણના કારણે રસ્તે ચાલતા લોકો, મોટા વાહનો અને દ્વિચક વાહનો લઈને જતા આવતા ઘોળાકુવા ની આમ જનતા ને પાણી થી ખાડામાં ગરકાવ અથવા તો સ્લીપ થઈ જવું પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને આ ભારે ભરખમ અને લોડીંગ ક્રેનો અને લાંબા ટેલરોને કારણે ગામજનોએ તેમજ જે તે વખતે આ રસ્તા માટે પૂર્વ કોરોર્પોરેટર હસમુખ મકવાણા તેમજ સ્થાનિક આગેવાન લાલસિંહ ઠાકોરે કલેક્ટર ને લેખિત માં તેમજ મેટ્રો રેલ પ્રોજેક્ટ મેનેજરો ને તેમજ તેમના અધિકારીઓને જાણ કરવા છતાં આ કામ પર ધ્યાન આપવામાં આવતું નથી. જો કોઈનો ધોળાકુવા ગામના નો અથવા તો કોઈ આમ પબ્લિકનો જીવ જશે ત્યારે જ તંત્ર ની આંખ ખુલશે એવું લાગી રહ્યું છે. આ બાબતે હવે ધ્યાન આપવામાં નહિં આવે તો આવનાર દિવસો માં મેટ્રો રેલના દરવાજાને ગેટ બંધ કરી ને વિરોધ કરવામાં આવશે જેનું નુકસાન થશે તેની સંપૂર્ણ જવાબદારી લાગતા વળગતા અધિકારીઓની રહેશે તેવું હસમુખ મકવાણા પૂર્વ કોર્પોરેટરે જણાવ્યું હતું.

# રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા યુવા ઉત્સવ ૨૦૨૩-૨૪ યોજાશે

ગાંધીનગર,તા.૧૧

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા સંચાલિત યુવા-ઉત્સવ-૨૦૨૩-૨૪ આગામી સમયમાં યોજાનાર છે.

આ માટે ૧૫ થી ૨૯ વર્ષની વય જુથમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે. યુવા ઉત્સવમાં તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, પ્રદેશ કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષા સુધી સ્પર્ધા યોજાશે. યુવા ઉત્સવમાં તાલુકા કક્ષાના સાહિત્ય વિભાગમાં વકતૃત્વ, નિબંધ, પાદપુર્તિ, ગઝલ-શાયરી લેખન, કાવ્ય લેખન, દોહા છંદ ચોપાઇ, લોક વાર્તાની સ્પર્ધાઓ યોજાશે. કલા વિભાગમાં સર્જનાત્મક કારીગરી અને ચિત્ર કલા જ્યારે સાંસ્કૃતિક વિભાગમાં લગ્ન ગીત, હળવું કંઠય સંગીત, લોકવાદ્ય, ભજન, સમુહગીત, એક પાત્રીય અભિનય સહિતના કાર્યક્રમોની સ્પર્ધા યોજાશે.

આ ઉપરાંત સીધી જિલ્લા કક્ષાએ સાંસ્કૃતિક વિભાગની સ્પર્ધાઓમાં શીઘ્ર વકતૃત્વ (હિન્દી-અંગ્રેજી), લોક નૃત્ય, લોક ગીત, એકાંકી (હિન્દી/અંગ્રેજી, શાસ્ત્રીય કંઠય સંગીત, કર્ણાટકી સંગીત, સિતાર, વાંસળી, તબલા, વીણા, મૃદંગમ, હાર્મોનીયમ (હળવું) અને ગીટાર વાદન તેમજ ભરતનાટ્યમ, મણીપુરી, ઓડીસી, કથ્થક, કુચીપુડી સહિતના શાસ્ત્રીય નૃત્યની સ્પર્ધા યોજાશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારોએ પોતાના નામ, સરનામું, મોબાઇલ નંબર, જન્મ તારીખ અને ઉમર, સ્પર્ધાનું નામ તથા ઇ-મેઇલ આઇ.ડી લખી તથા આધારકાર્ડની નકલ સાથે રાખી તા. ૩૧-૦૭-૨૦૨૩ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, સહયોગ સંકુલ, ''સી'' વિંગ્સ, છઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતે જમા કરવાના રહેશે. યુવા ઉત્સવના ફોર્મ અને નિયમો કચેરીના બ્લોગ આઇ.ડી http://youtho fficer gandhinagar. wordpress. com/ ઉપરથી પણ મેળવી શકાશે.

# શહેરના સેકટર-૧૩ માં ઘર પાસેથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૧૧

શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં. ૯૮૪-૧ ની સામે ખુલ્લી પાર્કિંગની જગ્યામાં પાર્ક કરેલા પલ્સર બાઈકની ઉઠાંતરી થવા પામી છે. યુવકે રૂ.૬૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં.૯૮૪-૧ ખાતે ચિરાગ ગોવિંદભાઈ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને અમદાવાદ પ્રહલાદનગર સ્થિત ટ્રેલેબલ મરીન સિસ્ટમ કંપનીમાં એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. યુવક જી.જે.૧૮.ડી.એચ.-૧૬૬૫ નંબરના પલ્સર બાઈકનો ઉપયોગ નોકરી પર આવન જાવન માટે કરતો હતો. ગત તા.૯ ના રોજ રાત્રીના ૧૦ વાગે ઘરની સામે ખુલ્લી જગ્યામાં બાઈક પાર્ક કરી મુક્યું હતું. જયારે બીજા દિવસે સવારે ૭ વાગે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી.પરંતુ બાઈક મળી ન આવતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.